પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતા અને તાલીમી લાયકાત (સ્નાતક/પીટીસી અથવા સ્નાતક/બી.એડ.) ધરાવતા વિધાસહાયક/પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધોરણ-૬ થી ૮) માં સમાવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક- પીઆરઈ/૧૧/૨૦૧૬/સીંગલ ફાઈલ-૨/ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખ-૧૬/૦૫/૨૦૧૬

**સંદર્ભ :-**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૬/૦૨/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક-પીઆરઈ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક
(૨) શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક-પીઆરઈ/૧૧૨૦૧૨/૩૧૪૭૭૬/ક
(૩) શિક્ષણ વિભાગનો તા. ૧૯/૦૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક-પીઆરઈ/૧૧/૨૦૧૨/૫૨૦૩૬/ક
(૪) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની તારીખ ૦૭/૦૪/૨૦૧૬ ની ક્રમાંક-પ્રાશિનિ/નીતિ/સીંગલ ફાઈલ/૨૦૧૬/ક/ક ની સીંગલ ફાઈલ.
(૫) ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘનો તારીખ ૨૨/૦૩/૨૦૧૬નો પત્ર

**આ મુ ખ ::-**

સંદર્ભ (૩) આગળ દર્શાવેલ નિયામક, પ્રાથમિક શિક્ષણની સિંગલ ફાઈલની દરખાસ્ત તથા સંદર્ભ (૪) આગળ દર્શાવેલ ગુજરાત રાજય પ્રામથમિક શિક્ષણ સંઘે સંદભ (૨) આગળ દર્શાવેલ વિભાગના તારીખ ૧૯/૦૨/૨૦૧૪ના ઠરાવના ક્રમાંક-(૪)માં સીનીયોરીટી મુજબ વિકલ્પ આપેલા શિક્ષક/વિધાસહાયકને ઉચ્ચ પ્રાથમિક શાળાઓ (ધોરણ-૬ થી ૮) માં સમાવવાની પ્રક્રિયા દરમિયાન જો શિક્ષક/વિધાસહાયક પોતે અસંમતિ દર્શાવે તો તેવા શિક્ષકો/વિધાસહાયકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે અને ભવિષ્યમાં તેઓનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો હક દાવો રહેશે નહિ તેવી કરેલ જોગવાઈમાં ફેરફાર કરીને આવા શિક્ષકોને વધુ એક તક આપવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ ::-**

પુખ્ત વિચારણાને અંતે વિભાગના તા. ૧૯/૦૨/૨૦૧૪ના ઠરાવના ક્રમાંક-(૪)માં સિનિયોરીટી મુજબ વિકલ્પ આપેલા શિક્ષક/વિધાસહાયકોને ઉચ્ચ પ્રાથમિક શાળામાં સમાવવાની પ્રક્રિયા દરમ્યાન જો

શિક્ષક/વિધાસહાયક પોતે અસંમતિ દર્શાવે તો તેવા શિક્ષકો/વિધાસહાયકોનો વિકલ્પ રદ કરવાનો રહેશે અને ભવિષ્યમાં તેઓનો ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સમાવવા અંગેનો હક દાવો રહેશે નહિ તેવી જોગવાઈમાં ફેરફાર કરીને આ રીતે રદ કરેલ વિકલ્પ વર્ષ-૨૦૧૬માં થનાર વિકલ્પ કેમ્પ પુરતા વાપરવાની છુટ આપવામાં આવે છે પરંતુ આવી છુટ મેળવનાર શિક્ષકે સદરહુ વિકલ્પનો ઉપયોગ જીલ્લા ફેર બદલી માટે વિભાગના તારીખ ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવના પ્રકરણ ઘ(૨) ની જોગવાઈ અનુસાર અરજીની મુળ સીનીયોરીટીનો લાભ મેળવવા માટે દાવો કરી શકશે નહીં તે મતલબનું બાંહેધરીપત્ર આપવાનું રહેશે, કારણકે સહાનુભુતિપુર્વક વિચારણા કરીને વિકલ્પ વાપરવા આપેલ છુટ અને જીલ્લાફેર બદલીનો મુળ અરજીની સીનીયોરીટીનો લાભ બંને એકસાથે આપી શકાય નહીં.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( એ.આઈ. પટેલ )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ

- ❖ માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન,ગાંધીનગર.
- ❖ માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ❖ માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથ.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ❖ અગ્રસચિવશ્રી(ઉ અને ટે.શિ.), શિક્ષણ વિભાગનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ❖ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ❖ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- ❖ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- ❖ શાસનાધિકારીશ્રી(તમામ) (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- ❖ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- ❖ સર્વે તિજોરી અધિકારીશ્રી (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- ❖ નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- ❖ સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ, (પ્રા.શિ.નિયામકશ્રી મારફત)
- ❖ શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- ❖ શિક્ષણ વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
- ❖ કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જી-સ્વાન પર મુકવા સારુ રવાના
- ❖ સિલેક્ટ ફાઈલ/ નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.